જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૭/૧૨/૨૦૧૫ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૪૫૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી ૧૦૧ લીટર દેશી દારૂ અને ૧૦૬૭ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૪૯૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૪૫૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદ:-** **સમાચાર યાદી નં.૨૪૫૩/૧૫**

**વટવા :** કલ્પનાબહેન પપ્પુભાઇ યાદવ (ઉ.વ.૧૫)(રહે.વણઝારાવાસ, તલાવડીના છાપરાં મેલડી માતાનાં મંદિરની બાજુમાં, નારોલ ગામ, વટવા) ને તા.૨૭/૯/૧૫ સાંજના ૭/૩૦ વાગ્યાનાં સુમારે ઘર નજીકથી આરોપી રાહુલ મેહકુલાલ પાસે(રહે.જવાહરનગરની પાછળ, વિનોબા ગ્રામ સેવા મંડળ, ડબ્બાવાસ રેલવે ફાટક પાસે, નડીયાદ) લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ કલ્પનાબહેનનાં પિતા પપ્પુભાઇ યાદવે તા.૬/૧૨/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ.પો.ઇ.શ્રી જે.એચ.સરવૈયા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૪૫૪/૧૫**

**ગુજરાત યુનિવર્સીટી :** કેતનભાઇ નારણભાઇ મકવાણા (રહે.જીવનપ્રભા સોસાયટી, સેન્ટ્રલ જેલ રોડ, સુભાષબ્રીજ રોડ) એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૫/૧૨/૧૫ રાતનાં ૧૧/૪૫ પછી કોઇપણ સમયે પોતાની નવરંગપુરા દર્પણ સર્કલ નજીક આવેલ વાડીલાલ આઇસ્ક્રીમની દુકાનનું શટર તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, સી.સી.ટી.વી.નું ડી.વી.આર. કિંમત રૂપિયા ૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.ડાંગર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૫૫/૧૫</u>**

**રામોલ :** રાજુભાઇ કાનાજી સાંકલા (રહે.શીવપાર્ક, રામરાજ્યનગર અમરાઇવાડી) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ૦૦/૧૫ નંબરથી ફરીયાદ નોધાવી છે કે તા.૬/૧૨/૧૫ રાતના ૦૦/૪૦ વાગ્યાના સુમારે રબારી કોલોની ચાર રસ્તા પાસે, રૂષી ઓટો પાર્ટસ ની દુકાન સામેથી પોતાનો ભાઇ રમેશભાઇ કાનાજી સાંકલા (ઉ.વ.૨૮) પસાર થઇ રહ્યો હતો દરમ્યાન કોઇ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી, રમેશભાઇને ટક્કર મારતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનો પો.ઈ.શ્રી “આઇ” ડીવીઝન ટ્રાફીક પો.સ્ટે.તરફ ટ્રાન્સફર કરતાં વધુ તપાસ તેઓશ્રી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)